# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-12-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## PM – મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 129મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

મન કી બાત ને આવરી લેતું કચ્છી બુલેટીન આવતીકાલે સાંજે 7 વાગીને 5 મીનીટે આકાશવાણી ભુજ પરથી પ્રસારિત થશે.

------------------------------------------------------------------------------------------

## ધોળાવીરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ

વિશ્વ ધરોહર સ્થળ એવા ઐતિહાસિક ધોળાવીરામાં આગામી 10 જાન્યુઆરીએ ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રથમવાર ઇન્ટરનેશનલ પતંગ ઉત્સવનું આયોજન કરવામાં આવશે.

ધોળાવીરાની પ્રાચીન હડપ્પીય સંસ્કૃતિ, અનોખી શિલ્પકળા અને ઐતિહાસિક વૈભવ વચ્ચે આકાશમાં રંગબેરંગી પતંગો લહેરાશે ત્યારે કચ્છનું સાંસ્કૃતિક વૈભવ વૈશ્વિક મંચ પર વધુ પ્રગટ થશે.

આ ઉપરાંત, ધોળાવીરા ખાતે જ 10મી જાન્યુઆરીએ સાંજે ક્રાફ્ટ ઓફ આર્ટ દ્વારા ધોળાવીરા ફેસ્ટીવલ પણ યોજવામાં આવશે. ધોળાવીરાની પથ્થરોની સંરચના અને હજારો વર્ષ જૂની સંસ્કૃતિના બેકગ્રાઉન્ડમાં યોજાનારા આ કાર્યક્રમો પ્રવાસીઓ અને કલાપ્રેમીઓ માટે એક અનોખો લ્હાવો બની રહેશે.

--------------------------------------------------------------------------------

## શ્રમ સંહિતાઓ અંગે સેમિનાર

તાજેતરમાં અમલી બનેલ ચાર નવી શ્રમ સંહિતાઓ અંગે ફેડરેશન ઓફ કચ્છ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન્સ (ફોકીઆ) દ્વારા એક દિવસીય સેમિનારનું આયોજન કરાયું હતું જેમાં નવા શ્રમ કાયદાઓ વિશે વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી.

આ પ્રસંગે રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ સરકાર દ્વારા લાવવામાં આવેલા શ્રમ સુધારાઓના લીધે ઉદ્યોગ સંચાલકો અને કામદારો વચ્ચે સૌહાદપૂર્ણ સંબંધોને કારણે ઉત્પાદકતામાં વધારો થશે તેમ જણાવ્યું હતું. જયારે, સાંસદ વિનોદ ચાવડાએ ઉદ્યોગોને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જરૂરી પ્રોત્સાહન મળી રહેશે તેવી ખાતરી આપી હતી. સેમિનારમાં કચ્છના વિવિધ ઉદ્યોગગૃહોના પ્રતિનિધિઓ તેમજ વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો.

--------------------------------------------------------------------------------

## નવચેતન કલા ઉત્સવ

માધાપર ખાતેના નવચેતન અંધજન મંડળ સંચાલિત દિવ્યાંગ મહિલા વિકાસ મંડળ દ્વારા દિવ્યાંગ મહિલાઓના હુન્નરને પ્રોત્સાહન આપવાના હેતુથી આવતીકાલે નવચેતન કલા ઉત્સવ-2025 યોજાશે. આ અંગે માહિતી આપતા નવચેતન અંધજન મંડળના ભારતીબેન ચાવડાએ આ મુજબ જણાવ્યું હતું.

(બાઈટ : ભારતીબેન ચાવડા)

---------------------------------------------------------------------------------

## SIR કેમ્પ

જીલ્લામાં મતદાર યાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અંર્તગત આજે સ ઝુંબેશ કેમ્પનું આયોજન કરાયુ હતું. આ કેમ્પ આવતીકાલ તારીખ 28 ડીસેમ્બર રવિવારે પણ યોજાશે. કેમ્પનો લાભ લેવા જીલ્લા ચુંટણી અધિકારી અને કલેક્ટર કચ્છ દ્વારા અપીલ કરાઈ છે.

---------------------------------------------------------------------------------

## માર્ગ અકસ્માત

નખત્રાણા નજીક નાગલપર ફાટક પાસે આજે એક માર્ગ અકસ્માત સર્જાયો હતો. બુલેટ-ટ્રકની પાછળ અથડાતા અમદાવાદના એક યુવકનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે ભુજ ખસેડવામાં આવ્યા છે.

બુલેટ મોટરસાયકલ તેની આગળ જઈ રહેલા એક ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

---------------------------------------------------------------------------------

## ટીબી મુક્ત ભારત અભિયાન

ગુજરાત સરકારે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલા નવીનતમ પગલાંઓના પરિણામે રાજ્યમાં ક્ષયરોગ એટ્લે કે ટીબી સંબંધિત મૃત્યુદરમાં સતત અને નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો છે.

વર્ષ 2015ની સરખામણીએ વર્ષ 2023માં રાજ્યમાં નવા ટીબી દર્દીઓના નોંધણી દરમાં 34 ટકા અને ટીબીથી થતા મૃત્યુદરમાં 37 ટકા સુધીનો ઘટાડો થયો છે. રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્રોમાં ટીબીની સારવાર સંપૂર્ણપણે નિઃશુલ્ક છે.

-----------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છ સહિત રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી મિશ્ર ઋતુનો અનુભવ થયા બાદ હવે ફરી એકવાર શિયાળાએ પોતાનું અસલી જોર બતાવવાનું શરૂ કર્યું છે. ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષા અને ત્યાંથી ફૂંકાતા બર્ફીલા પવનોને કારણે કચ્છમાં તાપમાનનો લઘુતમ પારો ગગડ્યો છે. નલિયામાં તાપમાન 10 ડિગ્રીની નીચે જતાં જનજીવન પર તેની અસર જોવા મળી રહી છે. વહેલી સવારે અને મોડી રાત્રે રસ્તાઓ પર ટ્રાફિક ઓછો જોવા મળ્યો હતો. અને લોકો ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રો તેમજ તાપણાનો સહારો લેતા દેખાઈ રહ્યા છે.

-----------------------------------------------------------------------------------